**ફો.૫.અરજી નં ૨૮/૨૦૨૬**

**નાનાપોંઢા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૦૦૫૦૨૫૧૨૬૯/૨૦૨૫,**
**પ્રોહી. એકટ ની કલમ ૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(ખ), મુજબ ના ગુના સબબ**
**આરોપી સુરેશ વિશ્વનાથ સોની ની જામીન અરજી નીચે હુકમ**

સાંભળ્યા. અરજી વંચાણે લીધી. અરજી ઉપર વિ.એ.પી.પી શ્રી નો શેરો ધ્યાને લીધો. આરોપી તર્ફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળી. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી શ્રી ની દલીલો સાંભળી.

આરોપી તર્ફે વિ.વકીલશ્રીએ અરજીના સર્મથનમાં દલીલ કરેલ છે કે, આ કામના આરોપી નિદોર્ષ છે. આરોપી નો ગુનામાં કોઇ રોલ નથી. આરોપી ને માત્ર શંકાના આધારે પકડવામાં આવેલ છે. આરોપી તર્ફે વધુ દલીલ છે કે, આરોપી નાસી ભાગી જાય તેવા ઇસમ નથી. આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી મળી રહે તેમ છે. આરોપી વિરૂધ્ધ નો આક્ષેપીત ગુનો મોત કે આજીવન કેદ ની સજા ને પાત્ર ગુનો નથી. આરોપી ઉપર તેમના કુટુંબ ના ભરણપોષણ ની જવાબદારી છે તેમજ નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ આરોપી પાલન કરવા તૈયાર છે. હાલના ગુનાના કામે ચાર્જશીટ થતાં અને ટ્રાયલ ચાલતા સમયે જાય તેમ છે. જેથી આરોપી ને શરતો ને આધીન જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

વિ.એ.પી.પીશ્રી તેમની દલીલમાં જણાવે છે કે, આરોપીએ ગંભીર પ્રકારનો ગનો કરેલ છે. જેથી પ્રોહી જથ્થાની માત્ર, ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લઈ,આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

આ કામે આરોપી વિરુધ્ધ **પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ (એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(ખ),** મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના ગુના સબબ આ કામની ફરીયાદ હકીકત ધ્યાને લેતાં, આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. તેમજ નામ. ગુજરાત સરકારશ્રી ધ્વારા ગુજરાત ઓરડીનન્સ નં ૭/૨૦૧૬ થી અમેન્ડમેન્ટ લાગુ પાડવામાં આવેલ છે જે તા.૧૯/૧૨/૨૦૧૬ થી અમલમાં આવેલ છે. હાલના આરોપી વિરુધ્ધના આક્ષેપીત ગુનાની સજાની જોગવાઇ જોતાં તે ૧૦ વર્ષ સુધીની સજા તથા રુપિયા પાંચ લાખ સુધીના દંડની છે. વધુમાં આ કામે ફરીયાદી હકીકત ધ્યાને લેતાં, વિદેશી દારૂ નો મોટા પ્રમાણમાં જથ્થો પકડાયેલ છે. આ સંજોગોમાં હાલના કેસમાં ગુનાની ગંભીરતા તથા આક્ષેપીત ગુનાની સજાની જોગવાઈ ને ધ્યાને લેતાં, અત્રેની અદાલતને આરોપી ને જામીન મુકત કરવા ન્યાયોચીત જણાતો ન હોય,જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**નાનાપોંઢા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૦૦૫૦૨૫૧૨૬૯/૨૦૨૫, પ્રોહી. એક્ટ ની કલમ ૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(ખ), મુજબના ગુના સબબ આરોપી સુરેશ વિશ્વનાથ સોની ની હાલની જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.**

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૬-૦૬-૨૦૨૬**
**કપરાડા.**

**(કમલેશ કિશનચંદ નાથાણી)**
**જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**કપરાડા**
Code No.GJ 01449